# પરમાર્થ

—— તમારી મદદ અન્યને મદદરુપ થાય છે. ——

એપ્રિલ'૨૩ - જૂન'૨૩ આવૃતિ


## અધ્યક્ષશ્રીની કલમે,

પ્રિય મિત્રો,

ચારુતર આરોગ્ય મંડળ (CAM) તરફથી શુભેચ્છાઓ!



છેવાડાની વ્યક્તિને ઉચ્ચ ગુણવત્તાવાળી આરોગ્યની સેવાઓ પહોંચાડવાના અમારા પ્રયત્ન માટે તમારા તરફથી મળેલ બિનશરતી સમર્થન અને દાખવેલ વિશ્વાસ માટે હું આપ સર્વનો આભારી છું. તમારા સૌના સહયોગને કારણે સંસ્થા 'સુવર્ણકાળ'ના પ્રવેશનો આનંદ માણીને પરિપૂર્ણતાની લાગણી અનુભવે છે. ચારુતર આરોગ્ય મંડળની સિદ્ધિઓ અને હાંસલ કરેલ સિમાચિહ્ન લક્ષ્યાંકોની અવિસ્મરણીય યાદો અનેક સંઘર્ષોથી ભરેલી છે. અમે આરોગ્યની સેવાથી વંચિત લોકોને આવરી લઈને તેમને આરોગ્યસંભાળ આપવાના જરૂરી પગલાં ભર્યા છે. અમે દર વર્ષે પચાસ હજારથી વધુ દર્દીઓને ગુણવત્તાવાળી આરોગ્યની સંભાળ તેમને પોષાય તેવા દરે પૂરી પાડીએ છીએ. તદ્ઉપરાંત ભાઈકાકા યુનિવર્સિટીના નેજા હેઠળ, દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવે, તેવા તબીબી પ્રોફેશનલ્સ તૈયાર કરીએ છીએ. દિન પ્રતિદિન અમે અમારી સેવાઓને વધુ અદ્યતન બનાવી ૧,૦૦૦ પથારી ધરાવતી હૉસ્પિટલમાં ૧૮ જેટલી સુપર સ્પેશ્યાલિટી સેવાઓ અત્યાધુનિક સગવડો સાથે પ્રદાન કરીએ છીએ.

અમને જણાવતાં ખૂબ જ ગર્વ થાય છે કે, અમારી લૅબ સુવિધાને "ગુણવત્તા અને યોગ્યતા માટે તબીબી પ્રયોગશાળાઓની આવશ્યકતાઓ" માટે નેશનલ ઍક્રેડિટેશન ઑફ બોર્ડ ફોર ટેસ્ટિંગ ઍન્ડ કેલિબ્રેશન લૅબોરેટરીઝ (NABL) દ્વારા નવેસરથી માન્યતા પ્રાપ્ત થઈ છે. તદ્ઉપરાંત યુનિફાઇડ ચૅમ્પિયન સ્કૂલના રાષ્ટ્રીય ધોરણો હાંસલ કરવા બદલ, અમારી ઇંસ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી કૉલેજને સ્પેશિયલ ઑલિમ્પિક્સ ઇન્ટરનેશનલ દ્વારા "યુનિફાઇડ ચૅમ્પિયન સ્કૂલ ડિસ્ટિંક્શન ઍવોર્ડ" પ્રાપ્ત થયો છે.

વંચિત દર્દીઓ સુધી પહોંચ વિસ્તારવા માટે અમે અમારી આશીર્વાદ યોજના હેઠળ વધુ પરિવારને આવરી લેવાનો સતત પ્રયત્ન કરીએ છીએ, આ યોજના હેઠળ અત્યંત રાહતદરે સારવાર પૂરી પાડવામાં આવે છે. આરોગ્ય-સંભાળ પ્રદાતાઓ, પેરામેડિકલ સ્ટાફ અને સહાયક સ્ટાફને પ્રોત્સાહન આપવા માટે અમે ડૉક્ટર્સ ડે, ઇન્ટરનેશનલ નર્સ ડે, વગેરે દિવસોની ઉજવણી કરીએ છીએ.

અમારી સેવાઓને વધુ અદ્યતન બનાવવા માટે શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કેન્સર વિભાગમાં નવા લિનિયર ઍક્સિલરેટર મશીનનો ઉમેરો કર્યો છે. જેનાથી દર્દીઓને કેન્સરની ચોક્કસ સારવાર મળી રહેશે. વધુમાં ન્યુરોસર્જરી વિભાગમાં ન્યુરો-ઇન્ટરવેન્શનલ પ્રોસીજર્સ અને મિકેનિકલ થ્રૉમ્બેક્ટોમીનો ઉમેરો પણ કર્યો છે. અમે ટૂંક સમયમાં PET-CT સુવિધાનો ઉમેરો કરીશું.

મંડળના "સુવર્ણ યુગ" નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ.

આપના સાથ-સહકારથી અમારી સંસ્થા તેની ઉપલબ્ધ સેવાઓમાં વધુ સેવાઓનો ઉમેરો કરી વધુને વધુ દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી સારવાર પૂરી પાડશે.

અતુલ પટેલ
અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ

---

## દાતાશ્રીઓના શબ્દોમાં

"આ હૉસ્પિટલ તેની તબીબી ફરજો હૃદયપૂર્વક નિભાવી રહી છે. તે ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર, પૈસાના અભાવે ક્યારેય અટકાવતી નથી. આવા દર્દીઓને તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવે છે. આ ઉમદા કાર્ય માટે હું બોર્ડના સભ્યો, ડૉક્ટરો, સહાયક સ્ટાફ અને અન્ય તમામ શુભેચ્છકોનો આભાર માનું છું."

શ્રી તુષારબિન્દુ દેસાઈ (નિયમિત દાતા અને શુભેચ્છક)
અમદાવાદ

---

"મને ચારુતર આરોગ્ય મંડળ પર સંપૂર્ણ વિશ્વાસ છે. સૌથી અગત્યની બાબત સંસ્થા ગરીબ દર્દીઓને મદદ કરે છે. આ પ્રકારની પહેલથી એવા લોકોને મદદ થાય છે કે જેઓ પોતાની સારવારનો ખર્ચ ઉઠાવી શકતા નથી. હૉસ્પિટલનો મુખ્ય ધ્યેય આવા ગરીબ લોકોને મદદ કરવાનો છે.

હું સંસ્થાના ઉમદા કાર્યમાં સંપૂર્ણપણે વિશ્વાસ રાખી વ્યક્તિગત ક્ષમતા મુજબ સંસ્થાને સહાય કરું છું. મંડળ જરૂરિયાતમંદ દર્દીઓને ૧૦૦% મદદ કરે છે. તેના માટે હું ખૂબ પ્રભાવિત છું અને અન્ય લોકોને પણ યોગદાન આપવાની અપીલ કરું છું જેના કારણે વધુને વધુ દર્દીઓ આરોગ્ય સેવાઓનો લાભ લઈ શકે."

શ્રી જીગર શાહ (નિયમિત દાતા અને શુભેચ્છક)
વડોદરા

## દર્દીઓના કિસ્સા


આલિયા વ્હોરા

રમતિયાળ આલિયા (નામ બદલ્યું છે), આણંદ જિલ્લાના રઝાકભાઈ વ્હોરાની ૨ વર્ષની પુત્રી છે. જૂન ૨૦૨૨ માં, તેને ત્વચા પર ફોલ્લીઓ સાથે તાવ આવ્યો હતો. વગર સારવારે તેની માંદગીમાંથી રાહત મળી હતી. ત્યારબાદ પડી જવાથી તેના જમણા ખભા પર ઈજા થઈ હતી. જેને કારણે તે હાથ ઊંચો કરી શકતી ન હતી. જુલાઈમાં તેના શરીરમાં નબળાઈ આવવાને કારણે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. જ્યાં રિપોર્ટ્સ કરાવવામાં આવ્યા. તેણીને વિટામીન B12નું ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું અને PCVનું એક યુનિટ આપવામાં આવ્યું હતું.

તેના લોહીના રિપોર્ટમાં, ડૉક્ટરે રક્તની કેટલીક વિકૃતિઓ અને પ્લેટલેટ્સની સંખ્યામાં ઘટાડો થયો હોવાની માહિતી આપી હતી. જેથી ડૉક્ટર્સે તેના માતા-પિતાને બોન મૅરો બાયૉપ્સી કરાવવાની સલાહ આપી અને ઑગસ્ટમાં તેને બ્લડ કૅન્સરનું નિદાન થયું. હૉસ્પિટલના કન્સલ્ટન્ટ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ અને હિમેટોલૉજિસ્ટના માર્ગદર્શન હેઠળ ૬ મહિના સુધી કીમોથેરાપી સારવાર અને IVIG વિવિધ તબક્કામાં આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ લોહીની વધુ તપાસ બાદ બોન મૅરો ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા કરવામાં આવી હતી. હવે તેની તબીયત સારી છે અને ૧.૫ વર્ષ સુધી આગળની સારવાર આપવામાં આવશે. પરિવારે ડૉક્ટરોની ટીમ, હૉસ્પિટલ અને તમામ દાતાઓશ્રીનો સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો.

---


વિશાલકુમાર સિંધા

૧૮ વર્ષનો વિશાલકુમાર અરવિંદભાઈ સિંધા, આણંદ જિલ્લાના ધુવારણ ગામનો રહેવાસી છે. ધુવારણ આઈ.ટી.આઈ.માં ઍપ્રેન્ટીસ તાલીમ દરમિયાન તેના પગમાં લોખંડનો ખીલો વાગ્યો હતો. તેની સમયસર સારવાર ન થતાં તેનું મોંઢું ત્રીજા દિવસે ખુલતું ન હતું. જેથી તેના માતા-પિતા તેને સારવાર માટે ધુવારણની સ્થાનિક હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાં ડૉક્ટરે કહ્યું કે તેને ધનૂર થયું છે. સ્થિતિ વધુ વણસતાં તેને કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

વિશાલને જ્યારે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો ત્યારે તેને વારંવાર આંચકી આવતી હતી, તેથી તેને તાત્કાલિક વૅન્ટિલેટર હેઠળ રાખીને જરૂરી સારવાર આપવામાં આવી હતી. તબીબોની વિશેષ ટીમના માર્ગદર્શન હેઠળ ૩૫ દિવસ સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી. વિશાલના માતા-પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સારવારના ખર્ચ અંગે ચિંતિત હતા. જેથી દાતાશ્રીઓ દ્વારા તેની સારવારનો ખર્ચ ઉઠાવવામાં આવ્યો હતો. જેના માટે વિશાલ અને તેના પરિવારે તમામ દાતાશ્રીઓનો આભાર માન્યો હતો કે જેમણે તેની સારવારના ખર્ચમાં મદદ કરી હતી. તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે તેના ચહેરા પર સ્મિત હતું.

---


વિજયભાઈ પરમાર

૩૩ વર્ષીય વિજયભાઈ છોટાભાઈ પરમાર, આણંદ જિલ્લાના વડતાલ ગામના વતની છે. તે કલરકામ કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. એક દિવસ કામ પરથી ઘરે પરત ફરતી વખતે તેઓ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા. તેઓને શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ટ્રોમા અને ઈમરજન્સી સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા અને તાત્કાલિક સીટી સ્કૅન કરવામાં આવ્યું હતું.

રિપોર્ટમાં માથા અને કાનના ભાગમાં ફ્રૅક્ચર તથા માથામાં ગંભીર ઈજા થવાને કારણે બ્રેઈન હેમરેજ થયાનું નિદાન થયું હતું. તેમની તાત્કાલિક ક્રેનિયોટૉમી અને ન્યુરોસર્જરી કરવામાં આવી. ત્યારબાદ તેમને વૅન્ટિલેટર સપોર્ટ હેઠળ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની પત્નીએ સારવારનો પ્રારંભિક ખર્ચ ભર્યો હતો. ત્યાર બાદ મંડળને મદદ માટે વિનંતી કરવામાં આવી હતી. તેમની આર્થિક સ્થિતિ તપાસ્યા બાદ દાતાઓના સહયોગથી સારવાર ખર્ચમાં સહાય આપવામાં આવી હતી. ૩૧ દિવસની સઘન સારવાર બાદ વિજયભાઈને ઘરે સંભાળ રાખવાની શરતે રજા આપવામાં આવી હતી. પરિવારને સારવાર ખર્ચમાં મદદ મળતાં આજીવિકા માટે સહારો મળ્યો હતો જેથી તેમણે તમામ દાતાશ્રીઓનો સહાય કરવા બદલ અને ડૉક્ટર્સનો ઉત્તમ સારવાર આપવા બદલ આભાર માન્યો હતો.

---

## દાતાશ્રીઓની મુલાકાત

જૂન '૨૩ ના રોજ શ્રીમતી બીનૈશા પીરુઝ ખંભાતા (રસના ફાઉન્ડેશનના ડિરેક્ટર) અને શ્રી મેહુલ શાહે નવજાત આઈ.સી.યુ. અને હૉસ્પિટલની મુલાકાત લીધી. તેઓએ હૉસ્પિટલના નવજાત આઈ.સી.યુ.માં સગવડો ઊભી કરવા માટે સહાય આપી હતી. ડૉક્ટર ડૉક્ટર જીતેશ દેસાઈ, મૅડિકલ સુપરિટેન્ડટે આ મુલાકાતીઓને હૉસ્પિટલની પ્રવૃત્તિઓ વિશે અને ભવિષ્યના પ્રૉજેક્ટો વિશે માહિતી આપી હતી.

શ્રી ઉત્પલ શાહ (શ્રી ચંદ્રવદન શાહ, મુંબઈના ભત્રીજા) એ એપ્રિલ '૨૩ માં હૉસ્પિટલની મુલાકાત લીધી હતી. તેઓએ સૌર પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી અને સંસ્થાના કૅમ્પસમાં કાર્બન ફૂટપ્રિન્ટ્સ ઘટાડવાના આગામી સૌર પ્રોજેક્ટની પ્રગતિની પણ સમીક્ષા કરી હતી.

## મુખ્ય પ્રવૃત્તિઓ



- શ્રી કૃષ્ણ હૉસ્પિટલે આંતરરાષ્ટ્રીય નર્સિસ ડેની ઉજવણી કરી હતી અને દર્દી સંભાળમાં શ્રેષ્ઠતા દર્શાવેલ ૨૯ શ્રેષ્ઠ નર્સોને સન્માનપત્ર અને બૅઝીસ આપી સન્માનિત કર્યા હતા.

- કે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી કૉલેજને યુનિફાઇડ ચૅમ્પિયન સ્કૂલના રાષ્ટ્રીય ધોરણો હાંસલ કરવા બદલ સ્પેશિયલ ઑલિમ્પિક્સ ઈન્ટરનેશનલ દ્વારા 'યુનિફાઇડ ચૅમ્પિયન સ્કૂલ ડિસ્ટિંક્શન ઍવોર્ડ' એનાયત થયો હતો.



- શ્રી ભાઈકાકાની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે તા ૭મી જૂન ૨૦૨૩ના રોજ ભાઈકાકાના પરિવારજનો અને ભાઈકાકા યુનિવર્સિટીના કર્મચારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

- હૉસ્પિટલના ન્યુરોસર્જરી ડીપાર્ટમેન્ટે નિયમિત ધોરણે ન્યુરોઇન્ટરવૅન્શન પ્રક્રિયાઓ શરૂ કરી છે. જેમાં ઈમર્જન્સી પ્રોસીજર્સ જેવા કે, સ્ટ્રોકના દર્દીઓ માટે મિકેનિકલ થ્રૉમ્બેક્ટૉમી અને ઈલેક્ટીવ પ્રોસીજર્સનો સમાવેશ કર્યો છે.

- ગાયનેકોલૉજી ડિપાર્ટમેન્ટે ૫૦-વર્ષની અને ૩૪-વર્ષની મહિલાઓના ગર્ભાશયમાંથી ૩ કિલોની ગાંઠ શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરી નવજીવન આપ્યું.



- ૧૯-વર્ષના યુવાને સૅલ્ફોસ (જંતુનાશક) ની બે ગોળીઓ લઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો જેથી તેની ક્રિટિકલ કૅર સેન્ટર ખાતે ECMO થેરાપીની મદદથી સફળતાપૂર્વક સારવાર કરીને નવજીવન આપવામાં આવ્યું હતું.



- નવજાત આઈ.સી.યુ.ના ડૉકટર્સની ટીમે જન્મતા સમયે ગૂંગળામણ થવાને કારણે બગાડવાળું ગર્ભજળથી ન્યુમોનિયાગ્રસ્ત અને કિડનીને નુકસાન થયેલ બાળકને ડાયાલિસીસની સારવાર આપી નવજીવન આપ્યું.

- શાંતાબેન સૂર્યકાંતભાઈ દેસાઈ (વસો) ડાયગ્નોસ્ટિક સેન્ટરને "મૅડિકલ લૅબોરેટરીઝ - ગુણવત્તા અને યોગ્યતા માટેની આવશ્યકતાઓ" હેઠળ નેશનલ ઍક્રેડિટેશન બૉર્ડ ફોર ટેસ્ટિંગ ઍન્ડ કૅલિબ્રેશન લૅબોરેટરીઝ (NABL)ની તરફથી નવેસરથી માન્યતા મળી છે.

અમારી સંસ્થાનો હેતુ સમાજના જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી અને તેમનું સશક્તિકરણ કરવું છે. જ્યારે અમારા આસપાસના લોકોને મદદની જરૂર હોય તેવા લોકો સુધી પહોંચીને અમે તેમને મદદરૂપ થઈએ છીએ. સમયસર જરૂરિયાતમંદ વ્યક્તિને મદદરૂપ થવાથી તે વ્યક્તિને જીવન પ્રત્યે સકારાત્મક અનુભવ થાય છે અને આ બાબત આત્મવિશ્વાસ અપાવે છે કે આપણે થોડી મદદ કરી શકીએ છીએ. તમારા જેવા વધુને વધુ લોકો આવા માનવીય કાર્યમાં જોડાતા રહે તેવા પ્રયાસો કરીએ છીએ.

## કૃતજ્ઞતા

એપ્રિલ ૨૦૨૩ થી જૂન ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન દાન આપનાર મુખ્ય દાતાશ્રીઓ

- સર દોરાબજી તાતા ટ્રસ્ટ
- મેસર્સ બજાજ આલિયાન્ઝ એન્ડ જનરલ ઈન્સ્યોરન્સ કું. લિ
- શ્રીમતી ઉષાબેન ચંદ્રવદન શાહ
- શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ
- તાતા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- જી.એમ.એમ. ફોડલર ફાઉન્ડેશન
- શ્રીમતી જ્યોત્સનાબેન એચ. પટેલ
- મેસર્સ સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઈડ્સ પ્રા. લિ.
- મેસર્સ રૂબામિન પ્રાઈવેટ લિમિટેડ
- ગીવ ફાઉન્ડેશન
- મેસર્સ કેડીલેક કેમિકલ્સ પ્રા. લિ.
- શ્રીમતી હંસિકા મહેન્દ્ર શાહ
- શ્રી મહેન્દ્રકુમાર અંબાલાલ શાહ
- શ્રી બિપીનભાઈ શંભુભાઈ પટેલ
- ગીવ ફાઉન્ડેશન ઈનકોર્પોરેશન (ઈન્ક)
- શ્રી રમેશભાઈ હિંમતલાલ શાહ
- શ્રી જયમીનભાઈ રોહિતકુમાર ભાવસાર
- શ્રીમતિ શર્મિષ્ઠાબેન એન. અમીન
- શ્રી કિરણભાઈ રામચંદ્ર પાઠક
- મેસર્સ ઓસ્વાલ મશીનરી લિમિટેડ
- શ્રી પ્રવિણચંદ્ર દીપચંદ્ર મૂથા
- શ્રી સુધીરભાઈ જી. માંકડ

## આપની સહાય, મંડળને સાથ

| અનુક્રમ નંબર | આર્થિક સહાય | રૂપિયા (અંદાજીત) |
|---|---|---|
| ૧. | નબળા વર્ગના દર્દીઓને કેન્સર/હૃદયરોગની સારવાર માટે સહાય | ૧,૨૫,૦૦૦ |
| ૨. | ઓછા વજનવાળા, વહેલા જન્મેલા નવજાત શિશુઓની NICUમાં સારવાર | ૭૫,૦૦૦ |
| ૩. | આશીર્વાદ વૉર્ડના ૪૦ દર્દીઓના એક દિવસના ખોરાક માટે "ભોજન યોજના" અંતર્ગત સહાય | ૧૦,૦૦૦ |
| ૪. | અમારી નર્સિંગ કૉલેજ બિલ્ડીંગના નિર્માણની સહાય માટે | ૧૫,૦૦,૦૦૦ |
| ૫. | પ્રાયોજિત સિમ્યુલેશન સેન્ટર / સ્કિલ લૅબના પ્રત્યેક રૂમના નામકરણ સાથેની સહાય | ૧૦,૦૦,૦૦૦ પ્રતિ રૂમ |
| ૬. | કોર મેડિકલ રિસર્ચ(u/s 35(1)(ii) of the IT Act) ની સહાય માટે | ૧,૦૦,૦૦૦ અને વધુ |

૧. ખાસ હેતુ માટેનું આપનું અનુદાન, તે જ હેતુ માટે આપવામાં આવશે. વિકલ્પ ૪ અને ૫ માટેની સહાય માટે આપસી સંમતિની માર્ગદર્શિકા પ્રમાણે બ્રાન્ડિંગ અથવા નામકરણ સુવિધા ઉપલબ્ધ છે.

૨. આપની સહાય "ચારુતર આરોગ્ય મંડળ"ના ચેક દ્વારા અથવા દર્શાવેલ ક્યુ.આર. કોડ સ્કેન કરીને ઑનલાઈન મોકલી શકાશે. આ સાથે આપ આપના દાનની વિગત ફોન અથવા ઈ-મેઈલ દ્વારા મોકલશો. મંડળને આપેલા દાનનીરકમ ઈન્કમ ટૅક્સ ઍક્ટ-૧૯૬૧ અંતર્ગત ૫૦% કરમુક્તિને પાત્ર છે.

૩. US/UK માં મળવાપાત્ર કર લાભો સાથે દાન આપવા માટે અમને અથવા +૯૧ ૮૧૪૧૯ ૩૩૩૨૨ પર સંપર્ક કરવા વિનંતી છે.

૪. સંસ્થાઓ અથવા પગારદાર વ્યક્તિઓ તરફથી મેડિકલ રિસર્ચ માટે મળતું દાન (વિકલ્પ - ૬), અનુક્રમે ઈન્કમ ટૅક્સ ઍક્ટની કલમ ૩૫(૧) (ii) અને ૮૦GGA અંતર્ગત ૧૦૦% કરમુક્તિને પાત્ર છે.

**અમે ઍનલીસ્ટેડ છીએ, નીચેની સંસ્થાઓ સાથે :**

- ગીવ ઈન્ડિયા
- ચૅરિટી એઈડ ફાઉન્ડેશન, ઈન્ડિયા
- આઈ ચૅરિટી
- હૅલ્પ યૉર એન.જી.ઓ.
- TISS, CSR HUB (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**અમે રજીસ્ટર્ડ છીએ, નીચેની સંસ્થાઓ સાથે :**

- ગાઈડસ્ટાર ઈન્ડિયા પ્લેટિનમ લેવલ (રજી નં. ૭૮૦), રિન્યુઅલ માટે અરજી કરેલ છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉર્પોરેટ અફેર્સ (IICA, Delhi) ના ઈમ્પ્લીમેન્ટીંગ ઍક્રેડિટેડ એજન્સીસ હબ દ્વારા સન્માનિત

**અમને માન્યતા પ્રાપ્ત થયેલ છે. નીચેની સંસ્થાઓ સાથે**

- BSE સમ્માન
- ક્રેડિબિલિટી અલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

---

### હા, હુંસંકલ્પ કરવા માગું છું.

રૂ. ______________________ રૂ. (શબ્દોમાં) ______________________

ના પ્રસંગે/શ્રી ______________________ ના સ્મરણાર્થે ______________________

ના હેતુ માટે (માસિક/ત્રિમાસિક/વાર્ષિક) રૂ. ______________________ મારી સહાયરૂપે નોંધાવું છું.

નામ: ______________________ ઈ-મેઈલ ______________________

સરનામું : ______________________

પીન કોડ: ______________ ફોન / મોબાઈલ નંબર: ______________ પાન નં.: ______________

સહી :

"કશુંક મેળવીને તમે જીવન ગુજારો છો, પણ કશુંક આપીને તમે જીવન બનાવો છો."